# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-12-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## બીચ માંડવી ખાતે બીચ ફેસ્ટીવલનું આયોજન:

કચ્છમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે પ્રવાસન વિભાગ દ્વારા આજથી માંડવીના રમણીય દરિયાકાંઠે બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિત અત્યારે સાંજે યોજાઈ રહેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ ૧૧ દિવસીય ફેસ્ટિવલને ખુલ્લો મુકશે.

કાર્યક્રમ સ્થળેથી અશરફ નથવાણી જણાવે છે કે, બીચ ફેસ્ટિવલ માટે પ્રવાસન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિવિધ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. બીચ ફેસ્ટિવલને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં જનમેદની માંડવી બીચ પર ઉમટી છે.

ઉલ્લેખનીય છે કે, આ ફેસ્ટિવલમાં દેશ-વિદેશના પ્રવાસીઓ માટે વિવિધ જળ પ્રવૃત્તિઓ અને વોટર રાઈડ્સ ફૂડ સ્ટોલ, હેન્ડીક્રાફ્ટ સ્ટોલ, લેઝર લાઇટ શો, રેત શિલ્પ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત, માંડવી શહેરના ટોપણસર તળાવ કિનારે પણ રંગબેરંગી રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.

------------------------------------------------------------------------------------------

## પ્રવાસન રાજ્યમંત્રીની કચ્છ મુલાકાત:

આજરોજ કચ્છ આવેલા પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન રાજ્યકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઈ ગામિત ગુજરાતના સૌથી પ્રાચીન કચ્છ મ્યૂઝિયમને નિહાળીને કચ્છી કલા અને લોક સંસ્કૃતિથી અભિભૂત થયા હતાં. કચ્છના વન્યજીવનને દર્શાવતા સુરખાબ પાર્કની

વિસ્તૃત માહિતી રાજ્યમંત્રીએ લીધી હતી. તેઓએ મેઘવાળ,રબારી, જત, મુતવા સહિતના વિવિધ સમાજના પહેરવેશ અને કચ્છી લોકજીવનની ઝાંખી નિહાળી હતી. આ સાથે જ રાજ્યમંત્રીએ પ્રાચીન તામ્રમૂર્તિઓ, મુઘલકાળ અને અંગ્રેજોના સમયના પુરાતત્વીય ચલણી સિક્કાઓ, કચ્છના રાજાઓના સમયના ઓજારો, શસ્ત્રો, તલવાર કટાર, વસ્ત્રો વગેરે વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી.

આ સાથે જ રાજ્યમંત્રીએ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ એન્ડ મ્યૂઝિયમની મુલાકાત લીધી હતી. તેઓએ કચ્છના ભૂકંપમાં જીવ ગુમાવનારા દિવંગતોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે સ્મૃતિવન મેમોરિયલની વિવિધ ગેલેરીઓ નિહાળી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતીના વિવિધ ચાર્ટ, મોડેલ નિહાળીને રાજ્યમંત્રી પ્રભાવિત થયા હતા. આ સાથે સ્મૃતિવન મ્યૂઝિયમમાં વિશેષ સિમ્યૂલેટરની મદદથી ભૂકંપ આવે ત્યારે નિર્માણ થતી પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ મંત્રીએ મેળવ્યો હતો

---

## રાપર નગર પાલિકા-વિકાસ કાર્યો:

રાપર નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે રૂ. 46.54 કરોડના વિવિધ કાર્યો હાથ ધરવામાં આવશે. આ ભંડોળ રાજ્ય સરકાર દ્વારા સાંસદ, ધારાસભ્ય અને શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવ્યું છે.

આ કાર્યોમાં રાપર સીમ તળમાં પીવાના પાણીની વ્યવસ્થા, બ્લોક રોડનું નિર્માણ, પાણીની પાઈપલાઈન, રોડ લાઈટ અને પાણીના ટાંકા સહિતની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શહેરની વસ્તીને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે આરો ફિલ્ટર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવશે.

શહેરના સૌંદર્યકરણ માટે આંઢવાળા તળાવ અને નગાસર તળાવનો વોકવે પથ સુશોભન સાથે વિકાસ કરવામાં આવશે. જાહેર પથ પર અને સરકારી દિવાલો પર કચ્છીયતને ઉજાગર

કરતી પેઈન્ટિંગ્સ બનાવવામાં આવશે ઉપરાંત પાવર હાઉસથી સુખડધાર સુધી ગૌરવ પથ અને જાહેર સ્થળો તથા માર્ગો પર બેસવા માટે બેન્ચો મૂકવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## સંકલન સહ ફરિયાદ સમિતિ બેઠક:

ભુજ કલેકટર કચેરી ખાતે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ રાપર તાલુકાના આડેસર ગામની સિંચાઇ માટેની માઇનોર કેનાલમાં પાણી શરૂ કરવા, શિકારપુર સબસ્ટેશન હેઠળ વિસ્તારમાં લો-વોલ્ટેજ સમસ્યા સહિતના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જ્યારે અબડાસાના ધારાસભ્યએ વીજપુરવઠો, ખનીજ ઉત્ખન્ન, રેશનકાર્ડ, મકાન સહાયને લગતા પ્રશ્નોની રજૂઆત કરી હતી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન દ્વારા બિદ્દાથી કોટડા જડોદર રોડનું કામ પૂર્ણ કરવા, સુજાઇ ડેમનું પેચીંગ કામ, હાલાપરમાં સિંચાઇ કેનાલની મરંમત કરવા સહિતના પ્રશ્નોની રજૂઆત કરાઈ હતી.

કચ્છ કલેક્ટર દ્વરા પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અંગે અધિકારીઓ પાસેથી વિગતો મેળવીને તાત્કાલિક અસરથી પ્રશ્નોનું નિવારણ લાવવા સૂચના આપવામાં આવી હતી. સાથે દબાણ, પાણીચોરી સહિતના પ્રશ્નો મુદે અધિકારીઓને નાગરિકોને કોઈ જ મુશ્કેલી ન પડે તે ઉદેશ્ય સાથે ઝડપથી નિરાકરણ લાવવા આદેશ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી- 10 વિધાર્થીઓને શોધ- સ્કોલરશીપ:

વર્ષ 2025માં કચ્છ યુનિવર્સિટીના 10 પીએચ.ડી. વિદ્યાર્થીઓને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કાર્યરત '"શોધ" યોજના હેઠળ સંશોધન માટે સહાય મંજૂર કરાઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે શોધ યોજના હેઠળ પસંદ થયેલા વિદ્યાર્થીઓને માસિક રૂા. 15000નું સ્ટાઇપેન્ડ અને અન્ય આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂા. 20,000ની સહાય મહત્તમ બે વર્ષ માટે અપાય છે.

-----------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય ગણિત દિવસ- ઉજવણીનું આયોજન:

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી માન્ય ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી મુંબઈ સંચાલિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર - ભુજ અને એચ. જી સ્કૂલ - ગડાના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય ગણિત દિવસ 2025" ની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે" *ગણિત વિજ્ઞાન મોડેલ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવેલ છે. વિવિધ શાળાના ધોરણ 6 થી 8, અને ધોરણ 9 તથા ધોરણ 10ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. દરેક વિષયમાં પ્રથમ ત્રણ નંબરે આવેલ વિદ્યાર્થીઓને ઈનામો અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------